# ભોપાનગર રેલવે ફાટકે અરાજકતાના રોજીંદા વરવા દ્રશ્યો



## ડીવાઇડરના અભાવે ટ્રેન કે માલગાડી નીકળ્યા બાદ પણ આમ પ્રજાને હૈયાહોળી : ગુજરાતના એકમાત્ર રેલવે બોર્ડના સભ્ય અને ડીસા ધારાસભ્ય સજાગતા દાખવે

ડીસા, તા. ૭

બનાસકાંઠા જિલ્લાના તાલુકા અને વેપારી મથક ડીસાને અડીને આવેલ ભોપાનગરની રેલવે ફાટક અવારનવાર બંધ હોય છે તેથી ફાટકની બંને સાઈડે વાહનોની લાંબીલચક લાઈનો લાગી જાય છે, તેમાં પણ લાઈનોમાં ઉભા રહીને કંટાળેલા વાહન ચાલકોમાં ફાટક ખુલતા જ વહેલા નીકળી જવાની હોડ જામે છે પરંતુ ડિવાઈડરના અભાવે બંને સાઈડેથી ચાર ચાર લાઈનમાં નીકળતા વાહનો ફાટકની વચ્ચે જ ફસડાઈ પડે છે. તેથી ભારે અરાજકતા, અવ્યવસ્થા અને અંધાધૂંધી સર્જાય છે જેના કારણે પેટ્રોલ- ડીઝલના ધુમાડા સાથે સમય પણ બગડતા આમ પ્રજાની હાડમારીઓ વધી પડી છે. જેથી અહીં ઓવર કે અંડરબ્રિજ અગાઉ ડિવાઈડર બનાવવાની ગુજરાતમાંથી રેલવે બોર્ડના એકમાત્ર સભ્ય પદે નિમાયેલા જાગૃત ધારાસભ્ય શશીકાંત પંડ્યા પાસે લોક લાગણી વધી પડી છે.

બનાસકાંઠા જિલ્લાને પાટણ જિલ્લા સાથે જોડતા એકમાત્ર ડીસા-પાટણ હાઈવે ઉપર આવેલ ભોપાનગર નજીકની રેલવે ફાટક અવારનવાર બંધ હોય છે જેથી ઈમરજન્સીમાં હૈયા હોળી સર્જાવા સાથે વાહનોની લાંબીલચક લાઈનો લાગી જતા ટ્રાફિક ચક્કાજામ થાય છે જે ટ્રાફિકમાં વાહનચાલકો અને લોકો પણ અટવાય છે.

સરહદી બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસાથી સંકળાયેલ હાઈવે પાટણ અને છેક કાઠિયાવાડને જોડે છે તેથી આ હાઈવે ઉપર રાત-દિવસ વાહનોનો વધુ પડતો ઘસારો રહે છે. હાઈવે રોડ સારો છે પરંતુ ડીસાને અડીને આવેલા ભોપાનગરની રેલવે ફાટક 'બમ્પ અહેડ' પુરવાર થાય છે કારણ આ રેલવે લાઈન ઉપર કંડલા પોર્ટના કારણે મુસાફર ટ્રેનો ઓછી પણ ૨૦૦થી ૨૫૦ ડબ્બા ધરાવતી ડબલ ડેકર માલગાડીઓ વધુ દોડે છે તેથી ફાટક વારંવાર બંધ હોય છે. જેના કારણે થોડીવારમાં ફાટકની બન્ને બાજુ વાહનોની વણઝાર જામી જાય છે. ફાટક બંધ રહેતા બીમારી સહિતની ઈમરજન્સીમાં હાડમારીઓ વધી પડે છે, ઘણીવાર ફાટક મેન ફાટક ખોલવામાં વિલંબ કરે છે તો અમુક સમયે બે બે ગાડીની આવનજાવનના ડબલ ડોઝના કારણે લોકો લટકી પડે છે જ્યારે લોકોનો 'ટાઈમ શિડયુલ' ખોરવાઈ જતા અગત્યના કામો અટવાઈ પડે છે. વિદ્યાર્થીઓ અને નોકરિયાતો પણ રઝળી પડે છે. તેમાં પણ ડિવાઈડરના અભાવે સ્થિતિ વણસી જાય છે. જેથી આમ પ્રજા ત્રાહિમામ પોકારી ઉઠી છે જેને લઈ વર્ષોથી અહીં ઓવર કે અંડર બ્રિજ બનાવવા જાગૃત લોકો રજૂઆતો કરે છે. ધારાસભ્ય શશીકાંત પંડ્યા સહિત પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ ઠરાવ સહિત લેખિતમાં અવાજ ઉઠાવે છે પણ માર્ગ અને મકાન (સ્ટેટ હાઈવે) વિભાગના સરકારી બાબુઓ આ વ્યાજબી રજુઆત કાને ધરતા નથી. રેલવેના અધિકારીઓ પણ ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરે છે તેથી હજારો લોકો ભારે હાડમારી વેઠી રહ્યાં છે. જેથી અહીં ઓવર કે અંડર બ્રિજ બને તે પહેલાં ફાટકની બંને સાઈડે કમસેકમ ૫૦૦ મીટર ડિવાઈડર બનાવવાની તાતી જરૂરિયાત છે. ત્યારે રેલવે બોર્ડના સભ્ય પદે સમગ્ર ગુજરાતમાંથી નિમાયેલા એકમાત્ર ધારાસભ્ય શશીકાંત પંડ્યા પ્રજાને વર્ષોથી કનડતા આ પ્રશ્નનું સત્વરે નિરાકરણ લાવે તેવો જનમત પ્રવર્તે છે.

### ટ્રાફિક પોઇન્ટની પણ જરૂરિયાત

રેલવે ફાટક અવારનવાર બંધ રહેતી હોવાના કારણે ફાટકની બન્ને બાજુએ વાહનોની લાંબી લાઈનો લાગી જાય છે જેથી ટ્રાફિક ચક્કાજામ થવા સાથે ફાટક ખુલતા જ ઉતાવળા વાહન ચાલકો નીકળવા વાહનોની એકબાજુ ત્રણ કે ચાર લાઈનો કરી દે છે તેથી ઉલટાનું ફાટક વચ્ચે વાહનો ફસડાઈ પડે છે જે ટ્રાફિકમાંથી નીકળતા નાકે દમ આવી જાય છે. જેના કારણે ફાટકની બન્ને સાઈડે રોડ વચ્ચે ડિવાઈડર અતિ જરૂરી છે સાથે કાયમી પોલીસ પોઈન્ટની પણ જરૂરિયાત વર્તાય છે.

# સિદ્ધપુર પાલિકાના આઠ રખડતા પશુ ડીસા પાંજરાપોળ હવાલે

## ડીસા - કાંટ પાંજરાપોળ નિરાધાર પશુઓનું આશ્રય સ્થાન

સમગ્ર જિલ્લામાંથી રખડતા અને બિનવારસી પશુઓ ડીસા પાંજરાપોળમા મૂકવામાં આવી રહ્યા છે એક તરફ ડીસા રાજપુર અને કાંટ પાંજરાપોળમાં આશ્રિત પશુઓ માટે ઘાસચારાની અછત વર્તાઈ રહી છે ત્યાં અન્ય જિલ્લામાંથી પણ વધુ ને વધુ પશુઓ પાંજરાપોળમાં આવી રહ્યા છે તે માટે રાજય સરકાર ડીસા પાંજરાપોળને મળતા ઘાસચારાનું પ્રમાણ વધારવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે બે દિવસ અગાઉ ડીસાના સમૌ ગામેથી પશુઓને પાંજરાપોળમાં મુકાયા બાદ સિદ્ધપુર ખાતે થી પણ ૮ જેટલાં રખડતા પશુઓને ડીસા પાંજરાપોળમાં મુકવામાં આવ્યા છે અને તેના માટે ઘાસચારા માટે નગરપાલિકા દ્વારા ૪૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હોવાનુ સૂત્રોએ જણાવ્યુ હતું.




સિદ્ધપુર ખાતે રખડતાં હરાયાં ઢોર-પશુ,બિનવારસી ગાયો અને આખલાઓના કારણે ભૂતકાળમાં અનેક લોકો ઘાયલ થવાના બનાવો બનવા પામેલ છે. આવા રખડતી ગાયો, આખલાઓ તેમજ હડકાયા શ્વાનોના કારણે અનેક નાગરિકોને જીવ ગુમાવવાનો વારો પણ આવેલો છે.

ભૂતકાળમા બનેલી ઘટનાઓનુ પુનરાવર્તન થાય નહી તેની અગમચેતીના પગલા તેમજ સ્થાનિક રહીશોની માંગણીના ભાગરૂપે નગરપાલીકાના ડીઝાસ્ટર વિભાગની ટીમ તેમજ સ્થાનિક રહીશોના સહયોગથી ગત ૫ મીએ મુક્તિધામ અને બિન્દુસરોવર તેમજ રુદ્રમહાલય વિસ્તારમાંથી ત્રણ ગાયો તેમજ પાંચ આખલાઓને પાંજરે પુરી ડીસા પાંજરાપોળ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા.પાંજરાપોળ ખાતે મોકલેલા ૮ જેટલાં રખડતા પશુઓને ઘાસચારા માટે નગરપાલિકાએ ૪૦૦૦ રૂપિયા જમા કરાવ્યા હતા.જો કે દાતાઓના દાન ઉપર નિર્ભર પાંજરાપોળની હાલત પહેલેથી કથળેલી છે તેમછતાં પાંજરાપોળ રખડતા અને બિનવારસી પશુઓનું આશ્રય સ્થાન બની છે ત્યારે રાજય સરકાર પાંજરાપોળ ઉપર સંવેદના દાખવે તે જરૂરી છે.

# મલેકપુર ગામે બાઈક પર પસાર થતા આર્મી જવાન અને તેના મિત્રો પર ૯ શખ્સોનો ખૂની હુમલો

મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લામાં અસામાજિક તત્ત્વો બેખોફ બની રહ્યા છે. હિંચકારા અને ઘાતકી હુમલા કરતા સહેજ પણ ખચકાતા નથી. ભિલોડા તાલુકાના મલેકપુર ગામમાં સામાજિક અદાવતમાં ૯ શખ્સોએ ગામના અને બાઈક પર પસાર થતા આર્મી જવાન અને તેના બે મિત્રોને અટકાવી કુહાડી, લોખંડની પાઈપ અને લાકડીઓથી તૂટી પડી ઘાતકી હુમલો કરી નાસી છૂટતા ભારે ચકચાર મચી હતી. આર્મી જવાનના માથાના ભાગે ઝીંકાયેલા જીવલેણ ઘાથી કોમામાં સરી પડતા અમદાવાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. હાલ આર્મી જવાનની સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી. ભિલોડા પોલીસને ઘટનાની જાણ થતા પી.આઈ મનીષ વસાવા અને તેમની ટીમ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી હુમલાના પગલે સ્થિતિ વણશે તે પહેલા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



ભિલોડાના મલેકપુર ગામના અને બીએસએફમાં ફરજ બજાવતા અને રજા પર વતનમાં આવેલા રવિન્દ્ર પ્રફુલભાઈ ગામેતી તેના મિત્રો રોશન પ્રવીણભાઈ ખરાડી અને રણજિત અમૃતભાઈ નિનામા સાથે ભિલોડા પેટ્રોલપમ્પ પર પેટ્રોલ ભરાવીને પરત ફરતા સમયે અગાઉ થયેલ સામાજિક અદાવતમાં મલેકપુર બસસ્ટેન્ડથી થોડે દૂર અજયભાઈ સુરમાભાઈ નિનામા, કિતીભાઈ દિલીપભાઈ સડાત, અજયભાઈ દિલીપભાઈ સડાત, યશપાલભાઈ નિનામા, મહેશભાઈ હીરાભાઈ ખરાડી, વિશાલભાઈ, કાવજીભાઈ ખરાડી, વિજયભાઈ રતુભાઈ ખરાડી, પ્રદિપભાઈ કાન્તીભાઈ નિનામા અને નટુભાઈ વાલજીભાઈ નિનામા નામના શખ્સોએ રસ્તા પર અડચણ ઉભી કરી ગેરકાયદેસર મંડળી રચી બીએસએફ જવાન રવિન્દ્ર ગામેતી અને તેના બે મિત્રો પર કુહાડી, લોંખડના પાઈપ, લાકડીઓ સાથે તૂટી પડતા રવિન્દ્ર નિનામા અને રણજિત નિનામાના માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા રસ્તા પર જ ફસડાઈ પડ્યા હતા. રોશન ખરાડીના શરીરે ઈજાઓ પહોંચી હતી, ૯ શખ્સોને ઘાતકી હુમલાના પગલે લોકો દોડી આવતા હુમલાખોરે નાસી છૂટ્યા હતા હુમલાના પગલે મલેકપુર ગામમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. હુમલાનો ભોગ બનેલ ત્રણે યુવકોને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા. ભિલોડા પોલીસે મલેકપુર ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

ભિલોડા પોલીસે રોશનકુમાર પ્રવીણભાઈ ખરાડીની ફરિયાદના આધારે અજયભાઈ સુરમાભાઈ નિનામા, કિતીભાઈ દિલીપભાઈ સડાત, અજયભાઈ દિલીપભાઈ સડાત, યશપાલભાઈ નિનામા, મહેશભાઈ હીરાભાઈ ખરાડી, વિશાલભાઈ, કાવજીભાઈ ખરાડી, વિજયભાઈ રતુભાઈ ખરાડી, પ્રદિપભાઈ કાન્તીભાઈ નિનામા અને નટુભાઈ વાલજીભાઈ નિનામા (તમામ, રહે. વેજપુર તથા મલેકપુર) વિરુદ્ધ ઈપીકો કલમ-૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૪૧, ૩૨૩, ૩૦૭, ૩૨૪, ૫૦૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ મુજબ ગુન્હો નોંધી ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

### ખેડબ્રહ્મા શહેરમાં આંગડીયા પેઢીના ૧૭ દિવસ બાદ કર્મચારીની

# લૂંટના ઈરાદે હત્યાના મામલે આરોપી પકડતી ખેડબ્રહ્મા પોલીસ

### ૧૮ દિવસ બાદ પોલીસની વિવિધ ટીમે તપાસમાં બે વાહન સાથે એક આરોપીની અટકાયત કરતી ખેડબ્રહ્મા પોલીસ : ૧૫ ટીમોએ ૧૭ દિવસની જહેમત ઉઠાવી હતી

ખેડબ્રહ્મા, તા. ૭

ખેડબ્રહ્મા ટાઉનમાં જનતા બેન્ક નજીક બનેલ આંગડીયા પેઢી કર્મીના લુંટ અને મર્ડરના સંડોવાયેલ ગેંગના સુત્રધારને પકડી રૂ. ૭,૮૪,૦૦૦નો મુદ્દામાલ રીકવર કરી ગુન્હોનો ભેદ ઉકેલતી ખેડબ્રહ્મા શહેર પોલીસ તેમજ લોકલ ક્રાઈમ બ્રાન્ચ, સાબરકાંઠા ૭ દિવસ પહેલા ફાયરીંગ કરી જીવલેણ હુમલો કરી ચાકુના ઘા મારી બંદૂકની અણીએ મુત્યુ નિપજાવી તેમની પાસે રહેલ નાણાની બેગની લુંટ કરી જતા રહેલ.

ઉપરોકત બનાવની ગંભીર નોંધ લઈ ગુન્હાને ઝડપથી શોધી કાઢવા અનુસંધાને તપાસ અધિકારી અજ.નાયબ પોલીસ અધિક્ષક વી.એમ. રબારીનાઓના સુપરવિજન હેઠળ એલ.સી.બી. પો.ઈન્સ. વી.આર. ચાવડાનાઓએ ગુન્હો શોધી કાઢવા સબંધે જરૂરી મેળવી ખુબ ઉંડાણપુર્વકની તપાસ કરેલ. દરમ્યાન હ્યુમન ઈન્ટેલીજન્સ તથા મોડસ ઓપરેન્ડી આધારે વધુ તપાસ કરતા અજ.ના.પો.અધિ. વી.એમ. રબારીનાઓને ઉપરોકત ગુન્હામાં સંડોવાયેલ ગેંગનો એક સુત્રધાર આ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ ઈકો ગાડી નં. જીજે-૩૮-બી-૬૧૯૫ની લઈ તા. ૬-૨-૨૦૨૦ના રોજ રાત્રીના સમયે પ્રાંતિજવાળા રસ્તે પસાર થનાર છે જે ચોકકસ માહીતી આધારે ઉપરોકત એલ.સી.બી. પોલીસ અધિકારીઓ તથા સ્ટાફના માણસો સાથે બાતમી વાળી જગ્યાએ સઘન વોચ ગોઠવેલ અને હકીકત મુજબની ઈકકો કાર આવતા તેને રોકી તેમા બેઠેલ ડ્રાયવરની પુછપરછ કરતા તેણે પોતાનું નામ મહમદ અનિસ હબીબભાઈ સોલંકી (સીપાઈ) રહે. ઘોડાપીરની દરગાહ પાસે કાસમપુર વિસ્તાર વિરમગામ તા. વિરમગામ જિ. અમદાવાદનો હોવાનુ જણાવેલ અને ગઈ તા. ૨૧-૧-૨૦૨૦ના રોજ પોતાને હનિફભાઈ ઉર્ફે સબીરભાઈ ઈમામભાઈ બેલીમ રહે. સમી તથા



ખેડબ્રહ્મા પો.સ્ટે. ફ.ગુ.ર.નં-૪૧/૨૦૨૦ ઈપીકો કલમથી નોધાઈ હતી. ૩૯૭, ૩૦૨ તથા આર્મ એકટ કલમ ૨૫(૧બી,એ,), ૨૭ તથા જી.પી. એકટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો નોધાયેલ જેમાં ખેડબ્રહ્મા શહેર બજારમાં મુખી માર્કેટમાં આવેલ અને ડીસેમ્બર માસમા ચાલું કરેલ નવીન પેઢી એન.માધવલાલ આંગડીયા પેઢીમાં કામ કરતા કર્મચારી કિરણભાઈ ઉર્ફે પ્રકાશભાઈ હરગોવિંદભાઈ નાયક રહે. મકતુપુર, તા. ઉંઝા જી. મહેસાણાનાઓ પેઢીના કામે રોકડ રકમ લઈ ખેડબ્રહ્મા પેટ્રોલપંપ બસ સ્ટેશન તરફ જવાના રસ્તે બપોરના સમયે જઈ રહ્યા હતા ત્યારે એક સ્વિફટ ડિઝાયર ગાડીમાં આવેલ અજાણ્યા ઈસમોએ તેમના ઉપર પીસ્તોલ/રીવોલ્વર જેવા હથીયારથી

● અનુસંધાન પાના - ૭ પર

### મેઘરજના મોટી મોરી પાસેથી અજાણ્યા

# યુવકની હત્યા કરી ચાદરમાં દોરીથી બાંધેલ હાલતમાં મૃતદેહ મળ્યો

અરવલ્લી જીલ્લામાં છેલ્લા ઘણા સમયથી હત્યા, અપહરણ, ચોરી-લૂંટ, દુષ્કર્મ અને લટકતી લાશો મળવાની ઘટનાઓ રોજબરોજ બનતા સતત ચર્ચામાં રહ્યો છે. ત્યારે મેઘરજ તાલુકાના ઈસરી પોલીસ સ્ટેશનની હદના મોટીમોરી ગામની સીમમાંથી ખેતર પાસેથી અજાણ્યા યુવકની હત્યા કરેલી ચાદરમાં વીંટાળી દોરીથી બાંધી લાશને ફેંકી દેવાની ઘટના પ્રકાશમાં આવતા સુરક્ષાને લઈ સવાલો અનેક ઉઠ્યા છે.

મેઘરજ પંથકમાં અજાણ્યા શખ્સોએ યુવકની હત્યા કરી લાશ મોટી મોરી ગામની સીમમાં નાખી દઈ ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી. ગુરુવારે વાઘપુર ગામના નિવૃત તલાટી અને હાલ ખેતીકામ કરતા કાનજીભાઈ મંગળાભાઈ અસારી મેઘરજ હોસ્પિટલ જવા નીકળ્યા હતા તે સમયે મોટી મોરી ગામની સીમમાંથી પસાર થઈ રહ્યા હતા તે સમયે રોડની બાજુમાં ચાદરમાં લપેટલી હાલતમાં લાશ જોતા ચાંકી ઉઠ્યા હતા.

# પ્રાંતિજ ખાતે શ્રી વિશ્વકર્મા ભગવાનની જન્મ જયંતીની દબદબાભેર ઉજવણી

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ સહિત તાલુકામાં શ્રી વિશ્વકર્મા જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારથી જ શ્રી વિશ્વકર્મા દાદાના મંદિરે ભક્તોની ભીડ જોવા મળી હતી.



પ્રાંતિજ નાની ભાગોળ ખાતે આવેલ વૈશ્ય સુથાર રામજીમંદિરમાં સર્જનહાર ઈસ્ટદેવ શ્રી વિશ્વકર્મા જન્મ જયંતી મહોત્સવની ઉજવણી ખૂબજ ધામધુમથી કરવામાં આવી હતી અને વહેલી સવારે મંદિરમાં મંગલા આરતી પંચામૃત અભિષેક, કેશર સ્નાન, દુધા અભિષેક, શણગાર દર્શન, ઈસ્ટદેવ પૂજા, રાજભોગ આરતી, અન્નકુટ દર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જયારે સવારથી જ મંદિરમાં દાદાના દર્શન કરવા લોકો ઉમટી પડયા હતા અને મંદિર સંકુલમાં ભકતોની લાંબી લાંબી લાઈનો જોવા મળી હતી. શ્રી વિશ્વકર્મા જન્મજયંતિ પર્વ તથા વિશ્વકર્મા પ્રભુનો રજત પાટોત્સવ તથા નવનિર્મિત મંદિર સંકુલનું લોકાર્પણ પણ સમાજની બાલિકાઓ દ્વારા કરવામાં આવ્યું હતું. કડિયા સુથાર સમાજ દ્વારા પણ પ્રાંતિજ ખાતે આવેલ શ્રી વિશ્વકર્મા મંદિર ખાતે ધામધુમથી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. સુથાર, સથવારા, કડીયા સમાજનાં ભાઈઓએ સહિત હાથ કલાકારી ગરી સાથે સંકળાયેલા ભાઈઓએ પણ ધંધારોજગારો બંધ પાડયા હતા, જયારે મંદિરમાં હવન ભજનકિતન કાર્યક્રમો પણ યોજાયા હતાં.



**ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં નિવૃત્ત સૈનિકને આવકારાયા**

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા, વિજયનગર તાલુકાના વિવિધ ગ્રામિણ વિસ્તારોમાંથી સૌથી વધુ ભારતીય સેનામાં માં ભોમની રક્ષા કરતા વીર જવાનોની સંખ્યામાં મોખરે છે. ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં કારગીલ વીર શહીદ કાંતીજી કોટવાલના કિશનગઢ ગામમાં ભારતીય સેનામાંથી નિવૃત્ત થયેલ વીર સૈનિક અરવિંદભાઈ લક્ષ્મણભાઈ ડામોરનો વીર તિલક કાર્યક્રમ યોજાયો હતો. શ્રી નવચેતન હાઈસ્કુલ આચાર્ય હિંમતસિંહ સિસોદીયા, સ્ટાફ પરીવાર, વિદ્યાર્થીઓ, ગ્રામજનો,સગાં-સબંધીઓએ નિવૃત્ત વીર સૈનિકને સલામી આપી વાજતે-ગાજતે સન્માનભેર આવકાર્યા હતા.